
# કમજોર કદથી કદાવર કરિયર સુધી મેસી બનવાની કહાની

ફાયરવોલ
રાજ ગોસ્વામી

આંતરરાષ્ટ્રીય ફૂટબોલના સ્ટાર ખેલાડી લિયોનેલ મેસી તાજેતરમાં ત્રણ દિવસ માટે ભારતની યાત્રાએ હતો. આ તેની પહેલી ભારત મુલાકાત હતી. તેણે કોલકત્તા, હૈદરાબાદ, દિલ્હી અને મુંબઈમાં સાંસ્કૃતિક અને ખેલ સંબંધી કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. કોલકત્તામાં (જે ફૂટબોલના ખેલ માટે ઘેલું છે), મેસીને જોવા ને મળવા માટે તેના ચાહકોએ જે ભીડ અને ધમાલ કરી હતી તેના સમાચાર તમે વાંચ્યા જ હશે.

મેસીએ તેની અસાધારણ પ્રતિભા, સાતત્ય અને વિનમ્ર વ્યક્તિત્વના બળ પર ખેલ જગતમાં એક અલગ સ્થાન મેળવ્યું છે. તેને ફૂટબોલ ઈતિહાસના મહાનતમ



ખેલાડીઓમાં ગણવામાં આવે છે. આજે મેસી કેવળ એક ફૂટબોલ ખેલાડી જ નથી, બલ્કે ખેલ જગતમાં અનુશાસન, સમર્પણ અને ઉત્કૃષ્ટતાનું પ્રતીક છે.

દુનિયાભરમાં લિયોનેલ મેસીને લઈને ફૂટબોલના ચાહકો પાગલ છે. તે તેની પ્રતિભા, સંઘર્ષ અને સાદગીના દુર્લભ મિશ્રણનું પરિણામ છે. ફૂટબોલ મેદાન પર મેસી જે કરે છે, તે ઘણી વખત અસંભવને સંભવ બનાવી દે છે. પરંતુ મેસીની કહાની માત્ર ખેલ-જીવનનું વર્ણન નથી, તે આપણા ખુદના જીવનને સમજવાની અને જીવવાની એક નવી દૃષ્ટિ આપે છે. તેની કહાની બતાવે છે કે ઉત્કૃષ્ઠતા કોઈ એક ક્ષણમાં નથી રચાતી, બલ્કે વર્ષોની મૌન મહેનત, અપમાન સહન કરવાના સામર્થ્ય અને પોતાના પર અડીખમ વિશ્વાસથી બને છે.

મેસીનું બાળપણ જ જીવનનો પ્રથમ બોધપાઠ આપે છે; દરેક માણસ સમાન પરિસ્થિતિઓથી શરૂઆત નથી કરતો. જે વયમાં બાળકો સપનાં જોવાનું શીખે છે, એ જ વયમાં મેસીને એવું કહેવામાં આવ્યું હતું કે તેનું શરીર તેના સપનામાં સાથ નહીં આપે; તેનામાં ગ્રોથ હોર્મોનની કમી હતી. તેનો ઈલાજ મોંઘો હતો અને સંશાધનો સીમિત હતાં. મેસી માટે સ્પષ્ટ સંકેત હતો કે જીવનમાં એક 'સાધારણ સફળતા'થી આગળ જવું તેના માટે શક્ય નથી પરંતુ તેની પાછળની કહાનીએ સાબિત કર્યું કે તમારી સીમાઓ ઘણી વાર તમારી નથી હોતી, તે બીજાઓની કલ્પના હોય છે.

મેસીનો જન્મ આર્જેન્ટિનાના રોસારિયો શહેરમાં એક મધ્યમ વર્ગીય, મહેનતકશ પરિવારમાં થયો હતો. તેના પિતા, જ્યોર્જ મેસી, એક ફેક્ટરીમાં કામ કરતા હતા અને મા સેલિયા કુચિની પાર્ટ-ટાઈમ સમય માટે કામ કરીને પરિવારની સંભાળ કરતી હતી. ઘરમાં કોઈ ખેલાડી નહોતો કે નહોતાં સંશાધન- પણ જે હતું, તે પરિવારનો વિશ્વાસ. બાળપણમાં મેસી ખૂબ શાંત, શરમાળ અને અંતર્મુખી હતો. તે વધુ બોલતો નહોતો, અને જે કહેવું હોય તે પગના ઈશારાથી કહેતો હતો. પરિવારે કદી આ મૌનને નબળાઈ સમજી નહોતી. પરિવર્તનનો આ પહેલો મોટો પાઠ છે; દરેક બાળક એકસરખું નથી હોતું, અને દરેક પ્રતિભા ઘોંઘાટ કરીને નથી જન્મતી.

આર્જેન્ટિનામાં, આપણા બંગાળની જેમ, ફૂટબોલના ખેલની એક તંદુરસ્ત સંસ્કૃતિ છે. અન્ય લાખો બાળકોની જેમ, મેસીને પણ બાળપણથી જ આ ખેલનો રંગ લાગ્યો હતો. તેની ફૂટબોલ યાત્રા પરિવારની અંદરથી જ શરૂ થઈ. તેના પિતા તેના પ્રથમ કોચ બન્યાં, અને દાદી સેલિયા તેની સૌથી મોટી પ્રેરણા. કહેવાય છે કે મેસી આજે પણ ગોલ કર્યા પછી આકાશ તરફ આંગળી ઉઠાવી દાદીને યાદ કરે છે. આ સંકેત દર્શાવે છે કે ભાવનાત્મક સહારો કોઈપણ સફળતાનું મૂળ હોય છે.

શિક્ષણના સ્તરે મેસી કોઈ 'ટોપર' વિદ્યાર્થી નહોતો પરંતુ પરિવારે અભ્યાસને ક્યારેય અવગણ્યો નહોતો. તેનાં પ્રારંભિક વર્ષોમાં શાળાનું અને ખેલકૂદનું સંતુલન જાળવાયું હતું. એમાંથી જીવનનો એક ઊંડો પાઠ મળે છે; શિક્ષણ માત્ર માર્ક્સ માટે નથી, તે અનુશાસન અને ટાઈમ-મેનેજમેન્ટ શીખવા માટે પણ જરૂરી હોય છે. સ્કૂલમાં શીખવા મળેલું અનુશાસન પાછળથી તેના વ્યાવસાયિક જીવનનું મજબૂત પીઠબળ બન્યું હતું.

જ્યારે ગ્રોથ હોર્મોનની બીમારી સામે આવી, ત્યારે પરિવારે સૌથી મુશ્કેલ નિર્ણય લેવાનો આવ્યો; સારવાર કે સપનું? આર્થિક સ્થિતિ નબળી હતી, સારવાર મોંઘી હતી, પરંતુ પરિવારે હાર ન માની. પરિવારે પ્રેમાળ સંબંધીઓ, ક્લબો અને દરેક શક્ય માર્ગથી મદદ ઉભી કરવાની કોશિશ કરી. મેસીના શારીરિક વિકાસ માટે રોજ ગ્રોથ હોર્મોનનાં ઈન્જેક્શન લેવાં પડતાં હતાં, જેનો ખર્ચ ઉઠાવવો પરિવાર માટે મુશ્કેલ હતો, પરંતુ બાર્સેલોના ફૂટબોલ ક્લબે તેની પ્રતિભાને જોઈને સારવારનો ખર્ચ ઉઠાવ્યો અને તેને સ્પેન બોલાવ્યો.

13 વર્ષની વયે મેસીનું સ્પેન જવું માત્ર તેના માટે નહીં, પરંતુ સમગ્ર પરિવાર માટે બલિદાન હતું. માતા અને ભાઈ-બહેન આર્જેન્ટિનામાં રહ્યા, પિતા મેસીની સાથે ગયા. આ નિર્ણય દર્શાવે છે કે સફળતા ઘણી વખત વ્યક્તિગત નહીં પણ પરિવારના ત્યાગનું પરિણામ હોય છે.

ગ્રોથ હોર્મોનની કમીના કારણે મેસીનું કદ નાનું રહ્યું, શરીર નબળું કહેવાયું, પરંતુ તેણે નબળાઈને આડે ન આવવા દીધી; તેનું આ જ કદ તેની ઝડપ, સંતુલન અને ડ્રિબ્લિંગની શક્તિ બની ગયું. મેદાન પર મેસીને અવારનવાર 'કમજોર કદ'વાળો ખેલાડી કહેવામાં આવતો. પરંતુ તેણે શરીરની આ ખામીને પોતાની શક્તિમાં ફેરવી

**દરેક માણસ સમાન પરિસ્થિતિઓથી શરૂઆત નથી કરતો. જે વયમાં બાળકો સપનાં જોવાનું શીખે છે, એ જ વયમાં મેસીને કહેવામાં આવ્યું કે તેનું શરીર તેના સપનામાં સાથ નહીં આપે; તેનામાં ગ્રોથ હોર્મોનની કમી હતી. તેનો ઈલાજ મોંઘો હતો અને સંશાધનો સીમિત હતાં**

દીધી; તે તેજ ગતિએ શરીરને વાળી શકતો હતો, તે જબરદસ્ત સંતુલન જાળવી શકતો હતો અને બોલ પર તેનું અદભુત નિયંત્રણ હતું.

મેસીએ અલગ-અલગ પ્રસંગોએ કહ્યું છે કે બાળપણમાં તેની આ બીમારીને તેણે 'ન્યાય કે અન્યાય' તરીકે જોઈ નહોતી. તેના માટે તે ફક્ત એક સચ્ચાઈ હતી, જેનો તેણે સામનો કરવાનો જ હતો. તેણે એ પણ સ્વીકાર્યું હતું કે શરૂઆતમાં તેને કે આ સમસ્યાની ગંભીરતાનો અંદાજ નહોતો, પણ પરિવારે કદી તેને ડર લાગે તે રીતે પ્રસ્તુત કરી નહોતી.

મેસીનો સંદેશ સ્પષ્ટ રહ્યો છેઃ જો આસપાસના લોકો તમને સામાન્ય માને, તો તમે પણ જાતને સામાન્ય જ માનવા લાગો છો. ઊંધું પણ બને; લોકો જો તમારામાં ખામી જોવા લાગે, તો તમે પણ એવું જ માનો. મેસીએ એ પણ કહ્યું છે કે તેને યોગ્ય તાલીમ મળી એટલે તેની તકનીક, સંતુલન અને બોલ પરનું નિયંત્રણ સટીક બન્યું.

અંતરરાષ્ટ્રીય સ્તરે મેસીનો સંઘર્ષ કદાચ તેની વાર્તાનો સૌથી માનવીય હિસ્સો છે. ક્લબ ફૂટબોલમાં દેવતાની જેમ પૂજાતા મેસીને દેશ વતી રમતી વખતે અનેક પ્રશ્નોનો સામનો કરવો પડ્યો હતો. તેણે હાર, ટીકા અને દેશદ્રોહ જેવા શબ્દોની પરવા નહોતી કરી. એક વખતે તેણે નિવૃત્તિની જાહેરાત પણ કરી હતી, પરંતુ તેણે પાછા આવીને ટીકાઓ વચ્ચે રમવું પડ્યું હતું; આ શીખવે છે કે થાકવું સ્વાભાવિક છે પરંતુ રોકાવું વિકલ્પ હોવું જોઈએ, બાધ્યકારક નહીં. 2022નો વર્લ્ડ કપ મેસીની કહાનીનો અંત નથી, પરંતુ તેનો સાર છે. આ જીત પુરવાર કરે છે કે જીવન તરત ન્યાય નથી કરતું પરંતુ સતત પ્રયત્નને અવગણતું પણ નથી. દુઃખદ દિવસો એક દિવસ અર્થ પામી લે છે, બસ ધીરજ હોવી જરૂરી છે.●

# ભગવાન અને સરકાર

બોલ્યું-ચાલ્યું માફ
ઉર્વીશ કોઠારી

ખરાબ સવાલોનું સૌથી મોટું સુખ એ હોય છે કે તેનાથી સાચા સવાલો દબાઈ જાય છે. થોડા સમય પહેલાં 'ઈશ્વર છે કે નથી?'-એવી ચર્ચાનો એક કાર્યક્રમ બહુ ચર્ચામાં રહ્યો. ઈશ્વર છે કે નહીં, એ ચર્ચામાં લોકોને જેટલો રસ પડ્યો, તેટલો રસ લોકોને સોનમ વાંગ્ચુક કેમ જેલમાં છે તેની ચર્ચામાં નથી પડતો. આ સરકારને સક્રિય સજ્જનોની ઘણી બીક લાગતી હોય એવું તેનું વર્તન રહ્યું છે. રામરહીમ, આશારામ જેવા ગુંડા-બળાત્કારીઓને જામીન મળે, તેની ગોઠવણો થઈ જાય છે. ગુજરાતમાં તો ખૂની-બળાત્કારીઓની સજામાં થોડો ઘટાડો કરીને તેમને વહેલા છોડી મુકવામાં આવ્યા હતા ને તેમનાં સ્વાગત પણ થયાં હતાં, પરંતુ વંચિતોતરફી વાત કરનાર માટે આ સરકારનું ભજનમંડળ તેમના મુખિયાઓની લાઈનદોરીઓ પ્રમાણે, ચુનંદાં વિશેષણો વહેતાં મુકે છે.

ઈશ્વર છે કે નહીં, તેની ચર્ચા આગળ જણાવ્યા એવા કિસ્સા, પ્રસંગો સંદર્ભે કરવામાં આવે, તો તેની દિશા જુદી હોય, પણ પછી તેમાં સરકાર સામે સવાલ ઊભા થાય, સરકારને તકલીફ પડે-ને સરકારને તકલીફ પડે તો પછી કાર્યક્રમના આયોજકને પણ તકલીફ ન પડે? આયોજકો બરાબર જાણતા હોય છે કે ઈશ્વરના અસ્તિત્વ વિશે ભલે અનિશ્ચિતતા હોય, સરકારનું અસ્તિત્વ અને તેની નારાજગીનાં માઠાં પરિણામ અકાટ્ય હકીકત છે. તેમાં કશી ચર્ચાને અવકાશ હોતો નથી.

ઘણા લોકો સરકારને ઈશ્વર-સમકક્ષ અને ઈશ્વરને સરકાર-સમકક્ષ માને છે. તેમને લાગે છે કે સરકારના ઈન્કમ ટેક્સ વિભાગની જેમ, ઉપરવાળાને પણ આવકમાંથી થોડી રકમ આપવી પડશે. નહીં તો, તેની નોટિસ નીકળશે ને મૂળ કરતાં અનેક ગણી મોટી રકમથી તે ભરપાઈ કરવું પડશે. ભગવાન સાથે તેમનો સંબંધ સરકાર સાથેના સંબંધ જેવો જ, ભયપ્રેરિત આદરનો અને આજ્ઞાંકિતતાનો હોય છે. જેમ સરકાર કોઈને સારું વર્તન કરવા પ્રેરી શકતી નથી અને તેના સારામાં સારા સ્વરૂપે, ફક્ત ખરાબ કામ કરવાનો થોડોઘણો ખચકાટ પેદા કરી શકે છે, એવી જ રીતે ભગવાન જૂજ લોકોને સારું કરવા પ્રેરે છે. બઢીચઢીને સારું કરનારા લોકોમાંથી કેટલાક માટે તે અધ્યાત્મ નહીં, CSRનો ભાગ હોય છે- એક મણ ખરાબ કર્યા પછી એક મિલિગ્રામ સારું કરીને સંતોષ અનુભવવાની યોજના. તેમાંથી ઘણાએ 'એરણની ચોરી ને સોયનું દાન'-એવી કહેવત સાંભળી હોતી નથી. તેમને એવા લોકો પણ મળી રહે છે જે, એરણની ચોરીને નજરઅંદાજ કરીને, સોયના દાન બદલ તેમને દાનેશ્વરી જાહેર કરી દે. એટલું જ નહીં, તેમની એરણની ચોરીની યાદ અપાવનારને 'નેગેટિવ'નો સરપાવ આપે.

'તમને સરકારનો ભય વધારે લાગે કે ભગવાનનો?'-એવા સવાલનો પ્રામાણિક જવાબ પૂછવામાં આવે તો ભગવાનના પ્રેમીઓ માટે અપસેટ સર્જાય. કેમ કે, ભગવાન સર્વશક્તિમાન ખરા, પણ તેમની પાસે ED, CBI, IT જેવાં ઓજાર નથી હોતાં. દલીલ ખાતર કોઈ આસ્તિક એવું કહી શકે કે 'આ બધી સંસ્થાઓના દરોડા પણ ઈશ્વરની ઈચ્છાનું જ પરિણામ છે. કારણ કે, ઈશ્વરની ઈચ્છા વિના પાંદડું હાલી શકતું નથી.' પણ આપણે જાણીએ છીએ કે આ બધી સંસ્થાઓ ઈશ્વરનાં ઠેકાણાં ગણાતાં ધર્મસ્થાનો પર પણ



દરોડા પાડી શકે છે અને ઈશ્વર તેમનું કશું બગાડી શકતા નથી. આમ, સરકારે મોકલેલા માણસો ઈશ્વરનું ઘર મનાતાં ઠેકાણાં પર દરોડા પાડી શકે છે, પણ ઈશ્વર સરકારનું ઘર ગણાતાં ઠેકાણાંને કશું કરી શકતા નથી. બીજું તો ઠીક, ઈશ્વર ચૂંટણી જીતાડી કે હરાવી પણ શકતા નથી. તે માટે ચૂંટણી પંચની જરૂર પડે છે અને વર્તમાન સરકાર એ સત્ય બરાબર સમજી ચૂકી છે.

સરકારને પ્રજા માટે શું હોવું જોઈએ તેનાં કલ્પનાચિત્રો ચિતરવામાં બહુ મઝા આવે છે અને પોતાના માટે હાજરાહજૂર શું છે- શું મેળવી શકાય એમ છે, તેમાં બહુ રસ પડે છે. એટલે ઈશ્વરના અસ્તિત્વ જેવા ઉચ્ચ વિષયોની ચર્ચા તે સામાન્ય લોકો માટે છોડી દે છે અને પોતે દુનિયાદારી પર- અધધ ભંડોળ ભેગું કરવા બદલ, વિરોધીઓને ખરીદવા કે હેરાન કરવા પર, ચૂંટણીઓ જીતવા પર, બળાત્કારીઓના જામીન કરાવવા પર, લાખો વર્ષોથી ઊભેલા પહાડો ખોદી કાઢવા પર, મળતીયાઓને કોન્ટ્રાક્ટો આપવા પર, કોઈના પણ ભોગે તેમના હિતનું રક્ષણ કરવા પર- ધ્યાન કેન્દ્રિત કરે છે. સરકારનું કુશાસન જોઈને ઘણા લોકોને લાગે છે કે સરકાર 'ભગવાન ભરોસે' ચાલે છે અને ઘણાં ઠેકાણે ભગવાનના નામે જે ગોરખધંધા ચાલે છે તે જોઈને લાગે કે, ભગવાન-કમ સે કમ, તેમનાં મનાતાં ઠેકાણાં 'સરકાર ભરોસે' ચાલે છે.

**સરકારનું કુશાસન જોઈને ઘણા લોકોને લાગે છે કે સરકાર 'ભગવાન ભરોસે' ચાલે છે અને ઘણાં ઠેકાણે ભગવાનના નામે જે ગોરખધંધા ચાલે છે તે જોઈને લાગે કે, ભગવાન-કમ સે કમ, તેમનાં મનાતાં ઠેકાણાં 'સરકાર ભરોસે' ચાલે છે**

સરકાર બનાવવા માટે નેતાઓને ભગવાનની જરૂર પડે છે, પણ સરકાર બની ગયા પછી ઘણી સરકારો પોતાને ભગવાન માનવા માંડે છે. આસ્તિકોનો ભગવાન પણ ઉપરથી નીચે આવે, તો સરકાર તેમની પર રાજદ્રોહનો આરોપ મુકીને, કેસ-બેસ ચલાવ્યા વિના તેમને જેલમાં ગોંધી શકે, એટલી સક્ષમ બની જાય છે. જેમ સત્તાની કે સંપત્તિની કે એવી અન્ય અસલામતી માણસને ભગવાન ભણી ધકેલે છે, તેમ સત્તાની-સંપત્તિની વિપુલતા અને તેનું ગુમાન માણસને સરકાર ભણી ધકેલી શકે છે, અથવા એવું ન થાય તો પણ, સરકાર તેના ભણી ખેંચાય છે અને તેને પાંખમાં (સાણસામાં) લે છે.

લોકશાહીમાં લોકોને આશા એવી હતી કે સરકારો આસ્તિકોના ભગવાન જેવી ઉદાર, દયાળુ અને કૃપાળુ હોય, પણ હવે બધા જાણે છે કે થયું છે તેનાથી ઊલટું. એટલે, ઘણા લોકો હવે 'ભગવાનને ગમ્યું તે ખરું'ની ભૂમિકા પરથી 'સરકારને ગમ્યું તે ખરું'ની ભૂમિકા પર આવી ગયા છે. ●

## ઈશિતાનું અલકમલક

### છતું થતાં રહસ્યનો સ્ફોટક ધડાકો

નર અને નારી અથવા તો પુરુષ અને સ્ત્રી આમ તો એકમેકના પૂરક ગણાય. એમાંય એ જો પતિ-પત્નીના સામાજિક બંધને સંકળાયેલાં હોય તો ઉભય પક્ષની જવાબદારી વિશેષ રૂપે મહત્ત્વની બની જાય છે. પતિ-પત્ની વચ્ચે એક વણલખ્યો કરાર એ હોય છે કે બંને એકમેકને વફાદાર રહે... જો કે અમુક વખતે આમ થતું નથી ત્યારે એ સંબંધમાં કેવી અને કેટલી હદ સુધી ગરબડ થાય છે એનો મુંબઈનો એક તાજો કિસ્સો જાણવા જેવો છે. થયું છે એવું કે એક અઢળક શ્રીમંત એવા મિસ્ટર પતિ તાસીરે જરા રંગીન, તક મળે તો બીજે હાથ મારી લે. આ વાતનો અંદેશો એની મિસિસ- પત્નીને આવી ગયો હતો. એક -બે વાર મિસ્ટર પતિને ચેતવ્યા પણ મિસ્ટર સખણા ન રહ્યા અને પતિ-પત્નીના સંબંધ વધુ ને વધુ વણસતા ગયા. આ દરમિયાન મિસ્ટર પતિ એક યુવા સ્ત્રીના પરિચયમાં આવ્યા અને રાબેતા મુજબ બંને વચ્ચે 'ઈલ્લુ ઈલ્લુ'ના કોલની આપ-લે થઈ અને



પછી પેલી મિસ લવર સાથેની વાત દૈહિક સંબંધ સુધી પહોંચી પણ એ પહેલાં દ્વિ-અર્થી સંદેશા અને પછી અશ્લીલ ફોટા અને વીડિયો ક્લિપનો દૌર ચાલ્યો. અચાનક રંગ બદલતા કાચિંડાની જેમ મિસ્ટર પતિની પેલી મિસ લવરે પોતાનો ખરો રંગ દેખાડવો શરૂ કર્યોઃ ''મારા પતિને આપણા આ બે-નંબરી સંબંધની જાણ થઈ ગઈ છે. આપણા અફેરની વાતની સાથે આપણાં ફોટા-વીડિયો ક્લિપ્સ પણ એ તારી મિસિસને પહોંચાડશે એવી એણે મને ધમકી આપી છે. એને ચૂપ રાખવા માટે આપણે એને મોટી રકમ બાળવી પડશે!'' આવાં જુદાં જુદાં બહાનાં હેઠળ મિસ લવરે પેલા મિસ્ટર પતિનું બ્લેકમેલિંગ શરૂ કર્યું અને સેક્સટોર્શનની એ રકમ ક્રમશઃ વધતાં વધતાં 1 કરોડ 73 લાખ રૂપિયા સુધી પહોંચી ગઈ! એ પછી મિસ્ટર પતિએ ત્રાસી-કંટાળીને પોલીસ ફરિયાદ નોંધાવી અને પોલીસે શોધી કાઢ્યું કે આ બ્લેકમેલિંગમાં પેલી મિસ લવર ઉપરાંત એના ત્રણેક સહયોગી સંડોવાયેલા હતા અને આ સમગ્ર સેક્સટોર્શનનો માસ્ટર પ્લાન ઘડ્યો હતો મિસ્ટર પતિની જ ખુદ પત્નીએ! ●

### કુદરતે જ કર્યું ક્રિકેટને LBW !

આજકાલ ચોતરફ બોલ-બેટની ગેમ ક્રિકેટની જ બોલબાલા છે, IPL - વિશ્વ વિજેતા મહિલા ક્રિકેટ ટીમ અને એની સાથોસાથ જ વર્લ્ડ કપ વિજેતા બની આપણી અંધ મહિલા ક્રિકેટ ટીમથી લઈને અન્ડર-19 અને દક્ષિણ આફ્રિકા સાથે તાજેતરમાં રમાયેલી T-20 અને ટેસ્ટ મેચ સવર્ત્ર દેશમાં બસ, ક્રિકેટનો જ માહોલ બરાબર જામ્યો છે. જો કે આ બધા વચ્ચે હમણાં દક્ષિણ આફ્રિકા સાથે આપણી ટીમની એક T-20 મેચ રમાઈ ગઈ એ કટ્ટકના સ્ટેડિયમથી 40 કિલોમીટરના અંતરે એક ગામ એવું છે, જ્યાં આજે 'ક્રિક્રેટ' એક શાપિત શબ્દ ગણાય છે! 'ક્રિકેટ' શબ્દ માત્રને ધુત્કારતા આ ગામનું નામ છે નાઉઘર. અહીં એક એવી ગમ્ખવાર ઘટના બની કે એ પછી આ અને આસપાસના ગામે ક્રિકેટ રમતનો જાણે બહિષ્કાર કર્યો હોય તેમ બોલ-બેટની આ રમત જ રમવાની સાવ છોડી દીધી. કુદરતે જ જાણે ક્રિકેટને અહીં જાણે LBW કે હીટવિકેટ કરી દીધું. એવું તો શું એવું બન્યું કે ગામલોકોએ ક્રિકેટ ગેમ સામે આજે સાવ જોવાનું જ છોડી દીધું છે? આમ તો આ ગામના યુવાનો ક્રિકેટમાં બડા પારંગત હતા. આસપાસ થતી દરેક સ્પર્ધામાં ભાગ લેતા અને ટ્રોફી જીતીને આવતા. આ ગામની ક્રિકેટ ટીમ અજય ગણાતી પણ આજથી 21 વર્ષ પહેલાં એક એવી ઘટના બની કે ગામના બધાને આ રમત પર નફરત થઈ ગઈ. બન્યું એવું કે 21 વર્ષ પહેલાં મહાનંદીની પેલે પાર એક ગામમાં ક્રિકેટની ફાઈનલ મેચ હતી. ફાઈનલ સુધી પહોંચેલી નાઉઘરની ક્રિકેટ ટીમ એક બોટ પર સવાર થઈને સ્પર્ધાના સ્થળે જવા નીકળી. એ કાળમુખો દિવસ હતો 1 માર્ચ 2004. ગામલોકો હોંશે હોંશે ટીમને વળાવવા આવ્યા હતા. એમને ગળા સુધી ખાતરી હતી-વિશ્વાસ હતો કે મોડી સાંજે એમની ટીમ પાછી વળશે ત્યારે એમની સાથે વિજેતારૂપી ચેમ્પિયન ટ્રોફી પણ હશે. મૂળ 'સુવર્ણરિખા' તરીકે ઓળખાતી આ નદી ઓરિસ્સામાંથી પસાર થાય ત્યારે મહાનંદી તરીકે વિખ્યાત છે. આમ તો સામાન્ય રીતે શાંત રહેતી આ મહાનંદી ન જાણે કેમ એ સવારે એવી તોફાને ચઢી કે ક્રિકેટ ટીમને લઈને નીકળેલી બોટ એમાં ઊંધી વળી ગઈ અને એમાં સવાર ટીમના 13 ખેલાડી પણ ગરક થઈ ગયા! આ બોટ અકસ્માત એવો અણધાર્યો હતો કે ક્રિકેટપ્રેમી આખું ગામ દિગ્મૂઢ થઈ ગયું. આનો આઘાત પણ એવો ગહેરો હતો કે ત્યારથી એ ગામમાં કોઈ ક્રિકેટ રમતું નથી કે નથી આ રમત વિશે કોઈ ચર્ચા કરતું. હા, 21 વર્ષ પહેલાં 11 ક્રિકેટવીરને ગુમાવનાર આ ગામે પોતાના ખેલાડીઓની યાદમાં મહાનંદી નદીને કિનારે એક સ્મૃતિ મેમોરિયલ ખડું કર્યું છે અને આખા ગામે પોતાના ખેલાડીઓની યાદમાં હંમેશને માટે ક્રિકેટ ગેમ ત્યાગી દીધી છે ●



ખેલાડીઓની યાદમાં 'મેમરી મોન્યુમેન્ટ'

## ઈશિતાનું ઈત્યાદિ ઈત્યાદિ

» માત્ર આપણને જ નહીં, જગતની મોટાભાગની ભાષાના વિશેષજ્ઞનોને એક સરખી ચિંતા કોરી ખાય છે : 'આપણી ભાષાનું હવે શું થશે? ક્યાં સુધી જીવિત રહેશે કે પછી લુપ્ત થઈ જશે?'

તાજેતરમાં લંડન તથા ફ્લોરિડાની યુનિવર્સિટી દ્વારા થયેલા સંશોધન મુજબ મોટા ભાગના દેશોમાં રોજિંદા જ્ઞાન અને મનોરંજન માટે પુસ્તકો- મેગેઝિન્સ- અખબારો, ઈત્યાદિનું વાંચન કરનારા લોકોની સંખ્યામાં 40%નો ઘટાડો નોંધાયો છે! ઈ-બુક અને ઓડિયો બુકના વાંચનમાં પણ આવો જ ઘટાડો છે.

» આ સાથે બીજું પણ એક ચોંકવનારું તારણ બહાર આવ્યું છે કે મોટા ભાગની નવલકથાઓ સ્ત્રી આધારિત હોય છે એટલે એનું વાંચન પુરુષને 'નબળા બનાવે છે' એવી માન્યતા ધરાવતા પુરુષોમાં આજકાલ નવલકથાઓ વાંચવાનું ચલણ એકદમ ઘટી ગયું છે!●

## * ઈશિતાની એલચી *

**એક ફરિયાદ એવી છે કે ફરી ફરીને આવે**
**પ્રિયજનની યાદ એ જ ફરિયાદ છે!**